# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આણંદ અમૂલ ડેરી દ્વારા વીરપુરમાં ખરીદાયેલી જમીનનો મામલો ઉગ્ર બન્યો : કેસરીસિંહ, ભારતસિંહ સહિતના નેતાઓ સ્થળ પર ઉમટ્યા**

# વીરપુરમાં અમુલ દ્વારા જમીન ખરીદી મુદ્દે હલ્લાબોલ

**જમીન ખરીદીમાં** મોટાપાયે ભ્રષ્ટાચાર આચરાયાનો આક્ષેપ કરી શાસકોને દોડતા કરી દીધા

(પ્રતિનિધિ) વીરપુર તા.17

વીરપુરમાં અમૂલ દ્વારા ખરીદવામાં આવેલી જમીનનો મામલો ઉગ્ર બન્યો છે. આ જમીન વિવાદનું કેન્દ્ર બની છે અને મામલો રાજકીય સોગઠાબાજી સુધી પહોંચી ગઇ છે. અમૂલ ડેરીની ચૂંટણી દિવસે દિવસે નજીક આવતી જાય છે, તેમ વીરપુરની જમીનમાં થયેલા ભ્રષ્ટાચારના આક્ષેપો કરી વિપક્ષ ડિરેક્ટર્સ કંઈકને કંઈક કાર્યક્રમ આપી રહ્યાં છે. જે અંતર્ગત ગુરૂવારના રોજ આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાની દૂધ મંડળીના ચેરમેન સહિતના હોદ્દેદારોનો ટોળું વીરપુર પહોંચી ગયું હતુ. જેના પગલે સમગ્ર ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું.

વીરપુરમાં અમૂલ ડેરી દ્વારા વેટરનરી હોસ્ટેલ માટે ખરીદવામાં આવેલી જમીન હવે વિવાદાસ્પદ બની છે. અગાઉ જાહેરાત કર્યા મુજબ ગુરૂવારના રોજ આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાની અમૂલ ડેરી સાથે જોડાયેલી દૂધ મંડળીઓના હોદ્દેદારો અને સભ્યો ફાગવેલ ભાથીજી મંદિર ખાતે એકત્ર થયાં હતાં અને ત્યાંથી વીરપુર તરફ કૂચ કરી હતી. આ કૂચ દરમિયાન શાસકો પર ભ્રષ્ટાચારના આક્ષેપ કરતાં સૂત્રો પોકારવામાં આવ્યાં હતાં. બીજી તરફ સમગ્ર મામલાની ગંભીરતાના પગલે વીરપુર ખાતે પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યાં હતાં. અમૂલ ડેરીના પૂર્વ વાઇસ ચેરમેન રાજેન્દ્રસિંહ પરમાર, સંજયભાઈ પટેલ, કેસરીસિંહ સોલંકી, ભારતસિંહ પરમાર સહિતના આગેવાનો આ સમગ્ર લડતમાં જોડાયાં છે.

વીરપુરથી જુના રતનકુવા રોડ પર આવે સર્વે નંબર 175-2ની 8600 ચોરસ મીટર જમીન જે વિસ્તારના માર્કેટ પ્રમાણે વધુમાં વધુ રૂ.30 લાખની ગણવામાં આવે છે, તે જમીન અમુલ ડેરી દ્વારા રૂ.3 કરોડ 51 લાખમાં ખરીદતા ખૂબ મોટાપાયે ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ કર્યો હતો. 40 હજારનો ગુંઠો 4 લાખમાં ખરીદવા જેવા નારા સાથે 1500 થી પણ વધું લોકો અમુલ રાખેલ જમીનની સ્થળ ચકાસણી માટે જમીન પર પહોંચ્યાં હતા ત્યારે પશુપાલોકોમાં રોષની લાગણી જોવા મળી છે.







તસવીર: નાથુસિંહ પરમાર

## વીરપુરનો વિકાસ થાય તેવું કોંગ્રેસ ઇચ્છતી નથી

‘ખરેખર આ જમીન ખરીદતા સમયે જાહેરનામું બહાર પાડ્યું હતું. જમીન માલીકે ભાવ ભર્યાં હતાં. જેનો ઓછો ભાવ હોય તેની જમીન ખરીદવામાં આવી છે. બોર્ડમાં સર્વસંમતિથી નિર્ણય લેવાયો છે. ત્રણેય બોર્ડમાં સંમતિ લેવામાં આવી હતી. સરકારમાં ગયા પછી પાર્ટીને પૈસા ચુકવ્યાં છે. વીરપુરમાં 7.5 લાખ સુધી ગુંઠે જમીન સમાજ માટે ખરીદી છે. માત્રને ચૂંટણી માટે વીરપુરમાં આવ્યાં છે. કોંગ્રેસવાળા વીરપુરમાં વિકાસ ન થાય તેવુ ઈચ્છી રહ્યાં છે. આંદોલનમાં વીરપુરનું કોઇ જોડાયું નથી. અમૂલને 75 વર્ષ થયાં છતાં આજ સુધી કોઇ વીરપુરમાં જમીન ખરીદી નથી.’

**- સાયભેસિંહ પરમાર, ડિરેક્ટર, અમૂલ ડેરી, વીરપુર.**

## શાસકો અમારી સાથે ડિબેટ કરે



‘ચાર દિવસ પહેલા સોશ્યલ મિડિયા દ્વારા ત્રણેય જિલ્લાના ચેરમેન, કમિટિ સભ્ય, ગામના આગેવાનોને આમંત્રણ આપ્યું હતું. વીરપુર ખાતે અમૂલએ 40 હજારના ગુંઠાની જમીન 4 લાખના ગુંઠે લીધી છે. આ વાત ધ્યાને આવી, સૌ આગેવાનો, પશુપાલકોના હિતમાં ફાગવેલથી વીરપુર ખાતે જગ્યા પર આવ્યાં છીએ. અમારી એક જ માંગ છે. જે ખરેખર ખેડૂતને ચુકવ્યાં છે, તે સિવાયના ઉપરના અમૂલ ડેરીમાં જમા કરાવે. શાસકો અમારી સામે ડિબેટ કરવા બેસે તો અમે તેમને ઉઘાડા પાડવા સક્ષમ છીએ. મારા માતર બ્લોકમાં આવી જીતી બતાવે. પપ્પુભાઈ, વીપુલભાઈ અને કાંતિ કાકા જીતી બતાવે. તો હું આખી જીંદગી અમૂલ ડેરીમાં પાણી પીવડાવીશ.’**- કેસરીસિંહ સોલંકી, ચેરમેન, દૂધ મંડળી, લીંબાસી.**

## ન્યાય માટે ગામેગામ સહકારી આંદોલન કરીશું



‘છેલ્લા કેટલાક દિવસથી આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાના પશુપાલકો દ્વારા આંદોલન ચલાવી રહ્યાં છે. નિયામક મંડળની ચૂંટણી આવી રહી છે અત્યારે બની બેઠેલા ચેરમેન અને તેમની ટીમ દરેક મંડળી ગામડાંમાં સક્ષમ પ્રતિનિધિ હરિફ ન બને તે માટે આદર્શ ગામ દૂધ મંડળીને ‘અ’માંથી ‘ક’ વર્ગમાં લઇ જવા સત્તાનો દૂરૂપયોગ કરી રહ્યાં છે. પશુપાલકોની સંસ્થા તેમના નિયમ મુજબ કામગીરી થાય તેવી માગણી છે. ન્યાય માટે ગામે ગામ સહકારી આંદોલન કરીશું. ગોવા, મુંબઇ જમીન લીધી છે, તેના કરતા પણ વધુ ઊંચા ભાવે વીરપુરમાં જમીન ખરીદી છે.

**ભારતસિંહ પરમાર, ચેરમેન, દૂધ મંડળી, ફતેપુરા.**

## કોઇ આયોજન વગર જમીનો ખરીદી છે



‘આ આંદોલન આજનું નથી. 27મી સપ્ટેમ્બર, 2024ના રોજ સામાન્ય સભા મળી તે સમયે આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાના સૌ પ્રતિનિધિએ આંદોલન શરૂ કર્યું હતું. સામાન્ય સભાસદોના સંતાનોને લાયકાત હોય તો નોકરી પર લેવા, સરકારી પ્રતિનિધિ ન મુકવા અને જે કોઇ સભાસદોના સામાન્ય ભાવ મળતાં હોય તેના કરતાં વધુ ભાવ આપવાની માગણી કરી હતી. વીરપુરની જમીન ખરીદી મુદ્દે ડિરેક્ટર તરીકે વિરોધ નોંધાવ્યો છે, આવી જમીન ન લેવી જોઈએ. આ જમીન લેતા પહેલા બતાવવી જોઈએ. ચાલુ પ્રોસેડીંગમાં લખી દીધું છે. સામાન્ય સભાસદ એક લીટર - બે લીટર દૂધ ભરે તેના પરસેવાના નાણામાંથી આવી જમીન ખરીદી છે. નડિયાદમાં પણ 40 કરોડથી 50 કરોડના ખર્ચે જમીન ખરીદી છે. કોઇ આયોજન નથી. ચોકલેટ પ્લાન્ટ નાંખવાના છીએ. આ જમીન પડતર પડી રહી છે.’ **- રાજેન્દ્રસિંહ પરમાર, ડિરેક્ટર્સ, અમૂલ ડેરી.**

---

**આણંદમાં રેતી ખનન માફિયાના બે ગ્રુપ વચ્ચે આંતરિક અદાવત લોહીયાળ બને તેવા એંધાણ**

# ઓડમાં ટોળાએ ડમ્પરને રોકી તોડફોડ કરી

**રાજકીય નેતાઓના** જ પીઠબળને લઇ બે જુથ એક બીજાને ભરી પીવા જંગે ચડ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.17

આણંદમાં દોઢ દાયકા પહેલા વિદેશી દારૂના ધંધામાં વર્ચસ્વ જમાવવા મુકેશ હરજાણી ગેંગે લોહીયાળ ખેલ ખેલ્યો હતો. પરંતુ હવે મહિસાગર નદી અને કોતરમાંથી નિકળતી માટી અને તેના બે નંબરના ધંધાને લઈ બે જુથ એકબીજાના લોહી તરસ્યા બન્યાં છે. આ અંગે ખંભોળજ પોલીસ સ્ટેશનમાં છેલ્લા કેટલાક મહિનાથી એકબીજાના પર હુમલાની ફરિયાદો ચોપડે ચડી રહી છે. આ બાબતે કોઈ કાબુ મેળવવામાં નહી આવે તો ગેંગ વોર જેવી સ્થિતિ સર્જાઇ તેવો ભય ઉભો થયો છે.

આણંદના ખંભોળજ વિસ્તારમાં ભુમાફીયાઓનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. આ ભૂમાફિયા કાયદાની એંસી કી તેસી કરીને આ ભુમાફિયા વચ્ચે છાશવારે ગેંગવોર સર્જાય છે, તે સ્થિતિમાં 15મી જુલાઇ, 2025ના રોજ ફરી એકવાર આવી જ ઘટનાનું પુનરાવર્તન થયું હતું. ડમ્પર ચાલક રવીભાઈ ટપુભાઈ કચ્છીને તેમના શેઠ જગદીશભાઈ કાળુભાઈ ભરવાડે શીલીથી સેવાલિયા ડમ્ફર લઈને કપચી ભરવા માટે મોકલ્યા હતા. જે દરમિયાન ડ્રાઈવર રવીભાઈ ડમ્ફર નં.જીજે-23-એ-ડબલ્યુ-9606 લઈને ઓડ અહિમા ચોકડી પાસે પહોચ્યા હતા. તે સમયે ભાલેજ તરફથી ત્રણ માણસો હાથમાં લાકડી અને ફરસી સાથે બાઈક લઈને ધસી આવ્યા હતા અને જોર-જોરથી બુમો પાડવા લાગ્યા હતા..જો કે રવીભાઈ આ બુમો પાડનારા ઈસમ અને હુમલાખોરોને ઓળખી ગયા હતા. જે હુમલાખોરો પૈકી દાગજીપુરા ભરવાડના ટેકરા પર રહેતા રણુ વલુભાઈ ભરવાડે ડમ્ફર આગળ તેમનુ બાઈક ઉભુ રાખી દીધુ હતુ. તો દેવરાજ મફાભાઈ ભરવાડે ડમ્ફરના આગળના કાચમાં લાકડી મારતા કાચ તુટી ગયો હતો..એટલામાં સેલા વલુભાઈ ભરવાડે હાથમાં ફરસી લઈ આવીને ડમ્ફરના એરકન્ડિશન પર ઘા કરતા નુકશાની થઈ હતી. તે પછીથી તેમની સાથે આઠ - દસ માણસોનું ટોળુ ધસી આવ્યું હતુ અને ડ્રાઈવર રવીભાઈને જોરજોરથી ગમે તેમ ગાળો બોલી આ રસ્તા પરથી જવાનું નહી,ડમ્ફર કેમ ઉભુ નથી રાખતો ? તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તે સ્થિતિમાં ડ્રાઈવર રવીભાઈએ ડમ્પર માલિક જગદીશ કાળુભાઈ ભરવાડને ફોનથી હુમલા અંગેની જાણ કરી હતી..

જેથી જગદીશભાઈ અને કરશનભાઈ ભરવાડ ઘટના સ્થળે પહોચી આવ્યાં હતા ત્યારે ત્રણેય હુમલાખોરો અને 8-10 લોકોનું ટોળુ ત્યાંથી ભાગી ગયું હતુ. આ સમગ્ર હુમલા અંગે ડ્રાઈવર રવીભાઈએ ત્રણેય હુમલાખોરો અને અજાણ્યાં આઠ -દસ માણસોના ટોળા સામે ખંભળોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માંગણી કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર ભાંગફોડ પાછળ રાજકીય માથા પણ સંડોવાયેલા છે. મહિસાગર નદીની રેતી અને કોતરની માટી ચોરીમાં અનેકના હાથ ખરડાયેલાં છે.

# નડિયાદ સહિત મોટાભાગની પાલિકાને ‘નો સ્ટાર’ રેન્ક મળ્યો

**સ્વચ્છતા સર્વેક્ષણ** 2025માં ખેડા જિલ્લાની નબળી કામગીરી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.17

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા સ્વચ્છતા સર્વેક્ષણ 2025ના પરિણામોમાં ખેડા જિલ્લાની નબળી કામગીરી સ્પષ્ટપણે ઉભરી આવી છે. જિલ્લાના વડામથક નડિયાદ મહાનગરપાલિકા સહિત મોટાભાગની નગરપાલિકાઓ ‘નો સ્ટાર’ રેન્ક મેળવીને સ્વચ્છતાના માપદંડોમાં પાછળ રહી ગઈ છે, જે સ્થાનિક તંત્રની કામગીરી પર ગંભીર પ્રશ્નાર્થ ઊભા કરે છે.

નડિયાદ શહેરની નગરપાલિકાનો રેન્ક 72મો છે અને રાષ્ટ્રીય રેન્કમાં તે 223મા સ્થાને છે. સ્વચ્છતાના મુખ્ય માપદંડો પૈકી કોર ટુ કોર ગાર્બેજ કલેક્શનમાં 70% અને સુકો-ભીનો કચરો અલગ કરવામાં 35% જ સફળતા મળી છે. વેસ્ટ પ્રોસેસિંગમાં માત્ર 13% જ કામગીરી થઈ છે, જેના પરિણામે નડિયાદને ‘નો સ્ટાર’ ગાર્બેજ ફ્રી રેટિંગ મળ્યું છે. આ આંકડા દર્શાવે છે કે નડિયાદ શહેર હજુ પણ સ્વચ્છતાના ઘણા પડકારોનો સામનો કરી રહ્યું છે. આ સાથે જ નડિયાદ શહેરમાં તો વારંવાર સ્વચ્છતા બાબતે ઉહાપોહ થતો આવ્યો છે. સ્થાનિક નેતાગીરી અને તંત્રની નબળાઈના કારણે નડિયાદ આજે પણ ગંદકીના ભરમાર વચ્ચે હોવાનું સ્વચ્છતા સર્વેક્ષણના આંકડામાં સ્પષ્ટ પણે ફલિત થયુ છે. અન્ય નગરપાલિકાઓની સ્થિતિ પણ ચિંતાજનક છે. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે, ખેડા જિલ્લાની નગરપાલિકાઓ, ખેડા સિવાય, સ્વચ્છતાના મોરચે નોંધપાત્ર સુધારો કરી શકી નથી. ખાસ કરીને કોર ટુ કોર ગાર્બેજ કલેક્શન, સુકા અને ભીના કચરાનું સેગ્રિગેશન અને વેસ્ટ પ્રોસેસિંગમાં ઘણી પાલિકાઓ નબળી કામગીરી દર્શાવી રહી છે. જોકે કેટલીક પાલિકાઓએ વેસ્ટ પ્રોસેસિંગમાં 90% થી વધુ કામગીરી કરી છે, પરંતુ અન્ય માપદંડોમાં પાછળ હોવાથી તેમને સ્ટાર રેટિંગ મળ્યું નથી.

આ પરિણામો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને તંત્ર માટે એક વેક-અપ કોલ સમાન છે. સ્વચ્છતા સર્વેક્ષણના આ માપદંડો પર ધ્યાન કેન્દ્રિત કરીને અને કચરાના વ્યવસ્થાપનમાં સુધારો કરીને જ ખેડા જિલ્લાના શહેરો સ્વચ્છતા રેન્કમાં સુધારો કરી શકશે.

## પાલિકા મુજબ સ્વચ્છતા સર્વેક્ષણની પરીસ્થિતિ

**મહુધા:** રાજ્યમાં 39મો રેન્ક અને રાષ્ટ્રીય સ્તરે 115મો રેન્ક ધરાવે છે. કોર ટુ કોર ગાર્બેજ કલેક્શનમાં 55%, સુકો-ભીનો કચરો અલગ કરવામાં 20% અને વેસ્ટ પ્રોસેસિંગમાં 98% કામગીરી નોંધાવી છે. તેમ છતાં, ‘નો સ્ટાર’ રેટિંગ મળ્યું છે.

**ખેડા:** રાજ્યમાં 42મો રેન્ક અને રાષ્ટ્રીય સ્તરે 105મો રેન્ક મેળવીને ‘1 સ્ટાર’ રેટિંગ સાથે જિલ્લામાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. કોર ટુ કોર ગાર્બેજ કલેક્શનમાં 100%, સુકો-ભીનો કચરો અલગ કરવામાં 51% અને વેસ્ટ પ્રોસેસિંગમાં 100% કામગીરી દર્શાવી છે.

**કપડવંજ:** રાજ્યમાં 70મો રેન્ક અને રાષ્ટ્રીય સ્તરે 200મો રેન્ક ધરાવે છે. કોર ટુ કોર ગાર્બેજ કલેક્શનમાં 40%, સુકો-ભીનો કચરો અલગ કરવામાં 8% અને વેસ્ટ પ્રોસેસિંગમાં 99% કામગીરી સાથે ‘નો સ્ટાર’ રેટિંગ પર છે.

**કઠલાલ:** રાજ્યમાં 45મો રેન્ક અને રાષ્ટ્રીય સ્તરે 127મો રેન્ક મેળવ્યો છે. કોર ટુ કોર ગાર્બેજ કલેક્શનમાં 65%, સુકો-ભીનો કચરો અલગ કરવામાં 3% અને વેસ્ટ પ્રોસેસિંગમાં 99% કામગીરી છતાં ‘નો સ્ટાર’ રેટિંગ ધરાવે છે.

**ઠાસરા:** રાજ્યમાં 68મો રેન્ક અને રાષ્ટ્રીય સ્તરે 193મો રેન્ક ધરાવે છે. કોર ટુ કોર ગાર્બેજ કલેક્શનમાં 59%, સુકો-ભીનો કચરો અલગ કરવામાં 7% અને વેસ્ટ પ્રોસેસિંગમાં 100% કામગીરી સાથે ‘નો સ્ટાર’ રેટિંગ મળ્યું છે.

**ચકલાસી:** રાજ્યમાં 73મો રેન્ક અને રાષ્ટ્રીય સ્તરે 223મો રેન્ક મેળવ્યો છે. કોર ટુ કોર ગાર્બેજ કલેક્શનમાં 31%, સુકો-ભીનો કચરો અલગ કરવામાં 33% અને વેસ્ટ પ્રોસેસિંગમાં 13% કામગીરી સાથે ‘નો સ્ટાર’ રેટિંગ પર છે.

**કણજરી:** રાજ્યમાં 74મો રેન્ક અને રાષ્ટ્રીય સ્તરે 167મો રેન્ક ધરાવે છે. કોર ટુ કોર ગાર્બેજ કલેક્શનમાં 42%, સુકો-ભીનો કચરો અલગ કરવામાં 32% અને વેસ્ટ પ્રોસેસિંગમાં 99% કામગીરી સાથે ‘નો સ્ટાર’ રેટિંગ મેળવ્યું છે.

**ડાકોર:** રાજ્યમાં 46મો રેન્ક અને રાષ્ટ્રીય સ્તરે 136મો રેન્ક મેળવ્યો છે. કોર ટુ કોર ગાર્બેજ કલેક્શનમાં 73%, સુકો-ભીનો કચરો અલગ કરવામાં 38% અને વેસ્ટ પ્રોસેસિંગમાં 100% કામગીરી હોવા છતાં ‘નો સ્ટાર’ રેટિંગ પર છે.

# વિદ્યાનગરમાં રખડતાં 11 પશુને પકડી પાંજરાપોળ મોકલાયા

**કરમસદ - આણંદ** મહાનગરપાલિકાની ટીમ દ્વારા વિદ્યાનગર ખાતે કાર્યવાહી કરી

(પ્રતિનિધિ) આણંદ તા.17

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના કમિશનરે મનપા વિસ્તારમાં જાહેર રસ્તાઓ ઉપર ફરતા પશુઓને પકડીને પાંજરાપોળ ખાતે મોકલી આપવા જણાવવામાં આવ્યું હતું. જે સંદર્ભે મહાનગરપાલિકાની ટીમ દ્વારા વિદ્યાનગર નાના બજાર ખાતે શિખોડ ખોડીયાર રોડ ઉપરથી 11 જેટલા પશુઓને પકડીને પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.



મહાનગરપાલિકા દ્વારા પશુપાલકોને અનુરોધ કરવામાં આવ્યો છે કે, જાહેર રસ્તાઓ ઉપર પશુઓ ફરે નહીં કે બેસે નહીં અને નગરજનોને પશુઓના કારણે કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે પશુપાલકો પોતાના પશુઓને યોગ્ય જગ્યાએ રાખે તે જરૂરી હોય જાહેર રસ્તા પર પશુઓને ન જવા દેવા માટે જણાવવામાં આવે છે, અન્યથા જાહેર રસ્તા પરના પશુઓને મનપાની ટીમ દ્વારા પકડીને પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવશે, અને વહીવટી ચાર્જ પેટે દંડ વસૂલ કરવામાં આવશે.

# વડોલ ગામના મંદિરમાંથી ચાંદીના 6 છત્ર ચોરાયાં

**આરતી પછી 6 જેટલા** ચાંદીના છત્ર ગાયબ થતા પોલીસે તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) કપડવંજ તા.17

કપડવંજના વડોલ ગામમાં આવેલા હર્ષદ ભવાની માતાજીના મંદિરે છ જેટલા ચાંદીના છત્ર ચોરી થઇ ગયા હોવાની ઘટના સામે આવી છે.

કપડવંજના વડોલ રોહિતવાસમાં આવેલા હર્ષદ ભવાની માતાજીના મંદિરે ગઠીયાઓ ચાંદીના છત્રની ચોરી કરી ગયા હતા. 14મી જુલાઈ, 25 ના રોજ પૂજારીએ નિત્યક્રમ મુજબ મંદિરમાં સાયન આરતી પૂજા કરી ત્યાં સુધી મંદિરમાં છત્ર લટકતા હતાં. પરંતુ ત્યારબાદ મંદિર નજીક ફળિયામાં રહેતા ઈશ્વરભાઇ વિરજીભાઈએ બુમ પાડીને પૂજારીને બોલાવ્યા હતા અને છત્ર ગુમ થઈ ગયા હોવાનુ જણાવ્યું હતુ. જેથી પૂજારીએ મંદિર નજીક ફળીયામાં રહેતા બીજા ત્રણ ચાર લોકોને બોલાવ્યાં હતા અને છત્રની શોધખોળ ચલાવી હતી.

પરંતુ છત્ર મળી આવ્યાં ન હતા અને પાંચ નાના અને એક મોટુ છત્ર મળી કુલ રૂ. 18500-ના છત્રની ની ચોરી થઇ હતી. જે અંગે પૂજારી પ્રદીપભાઇ પરમારે કંપડવંજ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી છે.

# કરમસદમાં અન્નનળીના કેન્સરથી પીડાતા દર્દીને નવજીવન મળ્યું

**શ્રીકૃષ્ણ હોસ્પિટલની** ટીમ દ્વારા એડવાન્સ તબક્કામાં જ સારવાર આપી

(પ્રતિનિધિ) આણંદ તા.15

કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે 45 વર્ષના દર્દીને અન્નનળીનું કેન્સર એડવાન્સ તબક્કામાં હોવાથી અનેક જટિલતાઓ થઈ હતી અને તેમની સ્થિતિ ગંભીર બની હતી. તેથી શ્રી કૃષ્ણ હોસ્પિટલની મલ્ટી સ્પેશ્યાલિટી ટીમના હસ્તક્ષેપથી તબીબી સારવાર પુરી પાડવામાં આવી હતી અને આ વ્યક્તિને નવજીવન આપવામાં આવ્યું હતું.

શ્રીકૃષ્ણ હોસ્પિટલના સર્જીકલ ઓન્કોલોજીસ્ટ અને ઈન્ટરવેન્શનલ પલ્મનોલોજીસ્ટની ટીમે શરૂઆતમાં અન્નનળીના કેન્સરથી પીડાતા દર્દીને કેન્સરની ગાંઠને ઓછી કરવા માટે મણિભાઈ શિવાભાઈ પટેલ કેન્સર સેન્ટર ખાતે કિમોથેરાપી આપવામાં આવી હતી. બાદમાં સેન્ટરના સર્જીકલ ઓન્કોલોજીસ્ટ ડો. રઘુનંદન જીસી અને ડો. સુન્દરમ્ પિલ્લાઈએ શસ્ત્રક્રિયા



કરીને કેન્સરની ગાંઠને દૂર કરી હતી. બાદમાં ત્રીજા દિવસે દર્દીના ડાબા ફેફસા અને છાતીની દિવાલ વચ્ચે હવા પ્રવેશ થવાથી (બ્રોન્કો પ્લ્યુરલ ફિસ્ટુલા) દબાણને કારણે દર્દીને શ્વાસ લેવામાં તકલીફ થઈ હતી અને ઓક્જિજનનું પ્રમાણ ઘટી ગયું હતું. તેથી તેમને ઈન્ટેન્સિવ કેર યુનિટમાં ખસેડવામાં આવ્યાં હતાં. અહીં ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ ડો. અભિષેક શાહ અને ડો. અભિષેક પ્રજાપતિએ થેરાપ્યુટિક ફ્લેક્સિબલ બ્રોન્કોસ્કોપી કરીને શ્વાસ નળીમાંથી પસના સ્ત્રાવને દૂર કર્યું હતું. મહત્વની બાબત એ છે કે, તેઓએ હવાના લીકેજને પણ શોધી કાઢ્યું હતું અને તબીબી પ્રોસીજર્સ (સ્ટીગોટ અને ગ્લુ) દ્વારા ડાબી બાજુના ફેફસામાંથી નીકળતી હવાને કાયમ માટે બંધ કરી હતી. બાદમાં વધારાના પડકારને પહોંચી વળવા માટે જેમાં શ્વાસનળીમાંથી વિપુલ માત્રામાં પસને સાફ કરવા માટે બીજીવાર બ્રોન્કોસ્કોપી કરવામાં આવી હતી. પરંતુ દર્દીને ન્યુમોનિયા થતાં ડો. સમીર પટેલની આગેવાની હેઠળ ક્રિટિકલ કેર યુનિટમાં સારવાર આપવામાં આવી હતી.

આ અંગે પલ્મનોલોજીસ્ટના જણાવ્યાનુસાર, તેમી ટીમે થેરાપ્યુટીક ફ્લેક્સીબલ બ્રોન્કોસ્કોપીનો ઉપયોગ કરીને બ્રોન્કો પ્લ્યુરલ ફિસ્ટુલાની નોંધપાત્ર સંખ્યામાં સારવાર કરી છે, જેને કારણે દર્દીઓને જટિલ અને મોટી શસ્ત્રક્રિયામાંથી પસાર થવું પડતું નથી.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**